**રાજય યુવક બોર્ડ**

માતૃભૂમિ યુવા શકિત કેન્દ્ર

**નમૂનાનું બંધારણ**

**નામ**

**આ** કેન્દ્રનું નામ " માતૃભૂમિ યુવા શકિત કેન્દ્ર "..................... રહેશે.

**કાર્યક્ષેત્ર**

**આ** કેન્દ્રનું કાર્યક્ષેત્ર .......................... ગામ પુરતુ મર્યાદિત રહેશે.

**ઉદ્દેશ**

1. ગામના યુવકો તેમજ યુવતીઓમાં બિન-સાંપ્રદાયિક કેળવણીના ફેલાવા અર્થે કોઇપણ જાતના નાત, જાત, ધર્મ, ભાષા કે પ્ાંતના ભેદભાવ વગર પુસ્તકીય મદદ, આર્થિક મદદ તેમજ કેળવણીમાં દરેક રીતે શકય મદદ કરશે.
2. ગામના યુવાનોને રચનાત્મક અને સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ તરફ સ્વયંભૂ રીતે સક્રિય કરવા આ કેન્દ્ર કાર્ય કરશે.
3. તંદુરસ્ત અને સમાજ પોષક, આનંદ પ્રમોદ, રમત-ગમત, શોખ અને કલાની ખીલવણીની પ્રવૃત્તિઓ હાથ ધરશે.
4. ગામની જરુરીયાતોને ધ્યાનમાં રાખી રચનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરશે.
5. ગામના સ્થાનિક પ્રશ્નોનું સર્વગ્રાહી અવલોકન કરી તેના નિકાલ માટેની કામગીરી તથા યોગ્ય જગ્યાએ રજુઆત કરવી.
6. રકતદાન શિબીર, નેત્રદાન યજ્ઞ વગેરે સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
7. ગામના યુવાનોને રચનાત્મક પ્રવૃત્તિઓ તરફ અભિમુખ કરી તંદુરસ્ત રાજય અને રાષ્ટ્રના નિર્માણમાં યુવા શકિતનો ઉપયોગ કરવો.
8. યુવક-યુવતીઓમાં પરસ્પર આત્મવિશ્વાસ, બંધુત્વની ભાવના, દેશપ્નેમ અને ભાવાત્મક એકતા કેળવાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
9. રાષ્ટ્રીય તેમજ ધાર્મિક ઉત્સવો ધર્મના ભેદભાવ વગર ઉજવવા.
10. મહાપુરુષોના જન્મદિવસ અને નિર્વાણદિનની સામુહિક અને સમુચિત ઉજવણી કરવી.
11. સાહસિક પ્રવૃત્તિઓનું તબકકાવાર આયોજન કરવું.
12. વ્યવસાયલક્ષી, રોજગારલક્ષી, વ્યાપાર-ધંધો વિગેરે ક્ષેત્રમાં જરુરી માર્ગદર્શન માટે વ્યવસ્થા ગોઠવવી.

13. પગપાળા પ્રવાસ, સાયકલ પ્રવાસ તથા અન્ય સાહસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવુ.
14. ગામની મોજણી કરવી.
15. પ્રૌઢશિક્ષણ, વનીકરણ, કુટુંબનિયોજન જેવા રાજયના અગત્યના કાર્યક્રમોનું આયોજન કરવુ.
16. આકસ્મિક સંજોગોનો સામનો કરવા સ્વયંસેવક દળ ઉભું કરવું.
17. સરકારશ્રીની યોજનાઓ અને કાર્યક્રમોનું અસરકારક અમલીકરણ થાય તે માટે જરુરી સહયોગ પુરો પાડવો.
18. સ્થાનિક કક્ષાએ રમતોનું / યુવા પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
19. કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા તેની તાબાની કચેરીઓ તરફથી જે પ્રવૃત્તિઓ સોંપવામાં આવે તેની કામગીરી કરવી.

ઉપરના ઉદ્દેશો પાર પાડવા માતૃભૂમિ યુવા શકિત કેન્દ્ર પોતાની આર્થિક સધ્ધરતા માટે ગ્રામજનો તથા અન્ય સંસ્થાઓ પાસેથી ભેટ સોગાદ, દાન દ્વારા નાણા ભેગા કરવા તથા તેનો વહીવટ કરવા જે જે જરુરી જણાય તે કામ કરવા. ભેટ-સોગાદ, દાન દ્વારા મળેલ નાણાંનો હિસાબ અલગ રાખવો.

માતૃભૂમિ યુવા શકિત કેન્દ્ર
નમૂનાનું બંધારણ

**૪ કાર્યાલય**

**કેન્દ્રનું** કાર્યાલય ............................ ખાતે રહેશે.

**૫ સભ્યપદ**

**આ** કેન્દ્રમાં સભ્યપદ મેળવવા માટે વાર્ષિક સભ્ય ફી ઓછામાં ઓછી રૂ. ૧-૦૦ અને વધુમાં વધુ રૂ. ૫-૦૦ રહેશે. વાર્ષિક સભ્યપદ એક વર્ષની મુદત પૂરતી મર્યાદિત ગણાશે અને દરેક વર્ષ માટે વાર્ષિક સભ્ય ફી આપવાની રહેશે.

**૬ વયમર્યાદા**

**૧૫** વર્ષથી ૩૫ વર્ષ સુધીના તમામ યુવક - યુવતીઓ આ કેન્દ્રમાં જોડાઇ શકશે.

**૭ આવકના સાધનો**

૧. સભ્ય ફી ઉઘરાવીને , ૨. દાન મેળવીને, ૩. ચેરીટી શો જેવા કાર્યક્રમ યોજીને,
૪. શ્રમકાર્ય દ્વારા, ૫. સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરીને, ૬. લોકફાળો ઉઘરાવીને,
૭. સરકારની મદદ મેળવીને, ૮. ગૃહ ઉદ્યોગોની પ્રવૃત્તિઓ હાથ ધરીને.

**૮ હોદ્દેદારો**

**કેન્દ્રમાં** એક પ્રમુખ, એક ઉપપ્રમુખ, એક મંત્રી અને એક સહમંત્રી એમ કુલ ચાર હોદ્ેદારો રહેશે અને તેમની ચૂંટણી દર વર્ષે કેન્દ્રની વર્ષ માટે રચાયેલી વ્યવસ્થાપક સમિતિના હાજર રહેલ સભ્યોના વધારે મતથી કરશે. વ્યવસ્થાપક સમિતિ રચાયા બાદ પંદર દિવસની અંદર હોદ્દેદારોની ચુંટણી કરવાની રહેશે.

**૯ પ્રમુખના કાર્યો**

**પ્રમુખ** બને ત્યાં સુધી દરેક સભાઓમાં હાજર રહી કામકાજ સરળતાથી અને નિયમસર ચાલે છે તે જોવું. સામાન્ય સભા બોલાવવી, કેન્દ્રના કામની વ્યવસ્થા કરવી એ તેમની ફરજ છે. સાધારણ સભા, વિશેષ સાધારણ સભા તથા કારોબારી સમિતિની સભાના પ્રમુખ તરીકે રહેશે અને નિયમોને અનુસાર સભાનું કામકાજ કરશે. કેન્દ્ર હસ્તક ચાલતી પ્રવૃત્તિઓની તપાસણી કરવી અને જે તે પ્રવૃત્તિઓના ચેરમેન સાથે ચર્ચા કરીને જરુરી સુચનાઓ કરવી. કેન્દ્રના ઉદ્દેશને પાર પાડવા અને કેન્દ્રના હિતાર્થે જે કોઇ તાત્કાલિક કાર્યો કરવા જરુર પડે તે શુધ્ધ બુધ્ધિથી કરવા તે કેન્દ્રના પ્રતિનિધિ તરીકે પ્રમુખની ફરજ છે. આગળની સભામાં થયેલા કામકાજની નોંધ (ચાલુ) સભામાં વંચાવી તે મંજૂર થયેલી તેના પર સહી કરશે, સરખા મત પ્રસંગે એક વધારાનો નિર્ણાયક મત આપશે.

**ઉપપ્રમુખ**

**પ્રમુખની** ગેરહાજરીમાં સાધારણ સભા, વિશેષ સાધારણ સભા તથા કારોબારી સમિતિના ઉપપ્રમુખ કામ કરશે. પ્રમુખની ગેરહાજરીમાં ઉપપ્રમુખને પણ પ્રમુખના ઉપર જણાવેલ અધિકાર અને ફરજો રહેશે.

નોંધઃ- પ્રમુખ અને ઉપપ્રમુખ સાથે ગેરહાજર હોય તો સાધારણ સભા, વિશેષ સાધારણ સભા તથા કારોબારી સમિતિ હાજર રહેલા સભાસદોમાંથી પોતાનો પ્રમુખ ચુંટી કાઢી કામ કરશે.

૧૧ **મંત્રી**

1. પ્રમુખની સંમતિથી સાધારણ સભા વિશેષ સાધારણ સભા તથા કારોબારી સમિતિની સભાઓ બોલાવવી.
2. દરેક સભાના કામકાજની ટૂંકી નોંધ ઠરાવ બુકમાં કરવી.
3. સભાઓના સૂચનો તથા ઠરાવો અમલમાં મૂકવા.
4. કેન્દ્રના કામકાજ માટે પત્રવ્યવહાર ચલાવવો.
5. કેન્દ્ર અંગે પ્રમુખ સોંપે તે કામ કરવું.
6. કેન્દ્રનો વાર્ષિક વહીવટ તેમજ નાણાકીય અહેવાલ તૈયાર કરી વ્યવસ્થાપક સમિતિ આગળ રજુ કરવો.
7. કેન્દ્રના જમા અને ખર્ચના અંદાજ તૈયાર કરી વ્યવસ્થાપક સમિતિ આગળ રજુ કરવા.
8. કેન્દ્ર તરફથી ચાલતી પ્રવૃત્તિના અંદાજો તૈયાર કરી વ્યવસ્થાપક સમિતિ આગળ રજુ કરવા.
9. ખર્ચના મંજૂર થયેલા અંદાજ પ્રમાણે આવેલ બીલો તપાસી મંજૂર કરી ખર્ચ પાડવા સારું પ્રમુખને મોકલવા.
10. કેન્દ્રની કોઇપણ નોંધવાહીના અગર કાગળના ઉતારાની જરુર પડે તો તે ઉપર ખરાપણાની સહી મંત્રી કરી શકશે. આ અધિકાર પ્રમુખને પણ રહેશે.

૧૨ **સહમંત્રી**

1. સહમંત્રીએ મંત્રીની સૂચના અનુસાર સહકારથી કાર્ય કરવાનું છે.

2. મંત્રીની ગેરહાજરીમાં તેમના અધિકારો અને કર્તવ્યની બાબતોમાં મંત્રી તરીકે

કામ કરવાનું રહેશે.

માતૃભૂમિ યુવા શકિત કેન્દ્ર
નમૂનાનું બંધારણ

૧૩ કોષાધ્યક્ષ

કેન્દ્ર માટે નાણાંકીય લેવડ-દેવડ માટે કાર્યરત રહેશે અને હિસાબો લખવાની અને નિભાવવાની જવાબદારી નિભાવશે.

૧૪ ઓડિટર

ઓડિટરની નિમણૂંક દર વર્ષે સાધારણ સભા કરશે અને તે કેન્દ્રના હિસાબનું ઓડિટ કરશે.

૧૫ કારોબારી સમિતિ

કારોબારી (વ્યવસ્થાપક) સમિતિની સંખ્યા ૯ સભ્યોની રહેશે. ચુંટણી બેલેટથી થશે. ઓછામાં ઓછા ર સભ્યો કો.ઓપ્ટ. કરી શકશે. વર્ષની અંદર રાજીનામું આપવાથી ખાલી પડેલી જગ્યા વ્યવસ્થાપક સમિતિ બહુમતીથી સાધારણ સભા ભરાતાં સુધી કરી શકશે. આ સભા બોલાવવા માટે ૭ દિવસની લેખિત સૂચનાથી સભ્યોને જાણ કરવામાં આવશે અને ખાસ સંજોગોમાં ર દિવસની લિખિત સૂચનાથી જાણ કરવામાં આવશે.

૧૬ સાધારણ સભા

કેન્દ્રની વાર્ષિક સાધારણ સભા દર વર્ષે હિસાબી વર્ષ પુરુ થયા પછી મોડામાં મોડી ત્રણ માસની અંદર ભરવામાં આવશે.

1. વ્યવસ્થાપક સમિતિ તરફથી રજુ કરવામાં આવેલ વાર્ષિક નિવેદન મંજૂર કરવાનું કામ.
2. વાર્ષિક બજેટ મંજૂર કરી વ્યવસ્થાપક સમિતિ પ્રમાણે ખર્ચ કરવાની પરવાનગી આપવાનું કાર્ય.
3. વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચુંટણી કરવાનું કામ.
4. વ્યવસ્થાપક સમિતિએ પહેલેથી રજૂ કરેલા કામોનો નિકાલ કરવાનું કામ. ઓડિટરની નિમણૂંક કરવાનું કામ.

નોંધઃ- કેન્દ્રનું હિસાબી વર્ષ 1 એપ્રિલથી બીજા વર્ષના માર્ચની આખર તારીખ સુધીનું ગણાશે. કેન્દ્રનું વહીવટી વર્ષ આ પ્રમાણે ગણાશે.

૧૭ વિશેષ સાધારણ સભા

કેન્દ્રના કુલ સભાસદો (શુભેચ્છક) વર્ગ સિવાયના ૧/૩ સભાસદોની સહીથી ચોકકસ કામ જણાવી વિશેષ સાધારણ સભા બોલાવવા માંગણી આવ્યા પછી અઠવાડિયાની અંદર

મંત્રીએ ૨૧ દિવસની મુદતના સૂચનો પંચથી માંગણીનાં કામોનો નિર્ણય કરવા પ્રમુખની મંજૂરીથી વિશેષ સાધારણ સભા બોલાવવી અને તે મુદત દરમિયાન મંત્રીએ માંગણીના કામોનો વિચાર કરવા વ્યવસ્થાપક સમિતિની સભા બોલાવવી.

પ્રમુખને જરૂર જણાય ત્યારે વિશેષ સાધારણ સભા મંત્રી- પ્રમુખની મંજૂરીથી ૭ દિવસની મુદત આપી બોલાવી શકશે.

૧૮ કાર્યકારી સંખ્યા (કોરમ)

1 સાધારણ સભામાં કુલ સભાસદોના (શુભેચ્છક વર્ગ સિવાય) ૧/૩ સંખ્યાના સભાસદોની હાજરી કોરમ ગણાશે.

૨ વ્યવસ્થાપક સમિતિમાં કુલ સભ્યોના ૧/૨ સભ્યોની હાજરીથી કોરમ ગણાશે.

3 જો કોઇપણ સભામાં કાર્યકારી સંખ્યા થશે નહીં તો તેનું કામકાજ અગાઉથી નોટીસમાં જણાવેલ સમય બીજી સભામાં કોરમ વિના પણ કરી શકશે.

૧૯ ઠરાવ

સાધારણ સભા, વિશેષ સાધારણ સભા અગર વ્યવસ્થાપક સમિતિએ કરેલા ઠરાવ બે માસ સુધી ફેરવી શકાશે નહિ કે રદ કરી શકાશે નહિ પરંતુ આ મુદત દરમિયાન કુલ સભાસદોની સંખ્યાના ૨/૩ સભ્યો તેવો ઠરાવ કરે તો ઠરાવ ફેરવી કે રદ કરી શકાશે.

૨૦ નાણાંકીય વ્યવસ્થા

કેન્દ્રના ફંડ તથા મિલકત પર કેન્દ્રની સહિયારી માલિકી રહેશે. પરંતુ કોઇપણ વર્ગના સભાસદોનો એના પર વ્યકિતગત પ્રકારનો માલિકી હક રહેશે. નહિં.

૨૧ બંધારણમાં ફેરફાર કરવા બાબત

આ બંધારણમાં ફેરફાર સંજોગોવશાત કરવાની જરૂર પડે તો બંધારણ પસાર થયા બાદ પ્રથમ બે વર્ષમાં વ્યવસ્થાપક સમિતિની કુલ સભ્યોની બહુમતીથી થઇ શકશે. પરંતુ તે સમય વીત્યા બાદ ફેરફાર કરવો હશે તો કેન્દ્રની સાધારણ સભાના હાજર રહેલ કુલ સભ્યો ૨/૩ મતથી થઇ શકશે.

૨૨ બંધારણનું અર્થઘટન

આ બંધારણમાં કોઇપણ ભાગના અર્થ માટે વિસંવાદ ઉભો થાય તેનો અર્થ વ્યવસ્થાપક સમિતિ ઘટાવશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

૨૩ કેન્દ્ર બંધ કરવા બાબત

કેન્દ્રના તમામ વર્ગના કુલ સભાસદો (શુભેચ્છક વર્ગ સિવાય) ના હાજર રહેલ સભાસદોમાંથી ૨/૩ ભાગના સભાસદોની બહુમતીથી ઠરાવ કરીને કેન્દ્રને બંધ કરી શકાશે અને જો આમ બને તો કેન્દ્રનું દેવુ-લેણુ, ખર્ચ, બાકી રકમો, જવાબદારીઓનો નિકાલ થયા પછી જે સ્થાવર અને જંગમ મિલ્કત બાકી રહે તેને આવા હેતુસર ચાલતી બીજી કોઇ સંસ્થાને સભ્યો નકકી કરે તે શરતે આપવી.